પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૨ | ૧૧ ઓગસ્ટ, ૨૦૨૧, બુધવાર; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# એનઆરસીના અમલનો નિર્ણય લેવાયો નથી

**સંસદમાં કેન્દ્ર સરકાર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી : દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા શરણાર્થીઓના કેન્દ્રીય સ્તરે કોઈ ડેટા ઉપલબ્ધ નથી, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ દિશામાં સતર્ક રહેવા સુચના**



નવી દિલ્હી, તા.૧૦

ચોમાસુ સત્ર દરમિયાન, સરકાર વતી, કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે કહ્યું છે કે હાલમાં સરકારે રાષ્ટ્રીય સ્તરે એનઆરસીનો અમલ કરાવવા અંગે કોઈ નિર્ણય લીધો નથી. તેમના મતે, સરકારનો અત્યારે આવો કોઈ ઈરાદો નથી. સાંસદ નિલિખ ખડસેએ પૂછેલા સવાલના જવાબમાં રાય વતી આ જવાબ આપવામાં આવ્યો હતો. તેમણે સરકાર પાસેથી જાણવા માંગ્યું કે શું સરકારે અનુસૂચિત જનજાતિઓનો અધિકૃત ડેટાબેઝ તૈયાર કરવા માટે અલગ એનસીઆર હાથ ધરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેના જવાબમાં રાયે કહ્યું કે આ અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમણે કહ્યું છે કે અત્યાર સુધી દેશમાં ગેરકાયદેસર રીતે રહેતા શરણાર્થીઓના કેન્દ્રીય સ્તરે કોઈ ડેટા ઉપલબ્ધ નથી. રોહિંગ્યા શરણાર્થીઓ દેશની સરહદોમાં પ્રવેશ્યા હોવાના પણ અહેવાલ છે. આ સાથે, એવા અહેવાલો પણ આવ્યા છે કે જેમાં તેઓ ખોટા કામમાં સામેલ છે. તેને જોતા કેન્દ્રએ તમામ રાજ્યો અને

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં કોવેક્સીનના ઉત્પાદન માટેની મંજૂરી

**કોરોનાની રસી હવે રાજ્યની અંકલેશ્વર સ્થિત કંપની તેના રેબિટ્સની વેક્સિનના ઉત્પાદનને અટકાવી કોરોના વેક્સિનનું ઉત્પાદન શરૂ કરશે**

નવી દિલ્હી, તા.૧૦

ગુજરાતમાં હાલ ઝડપથી વેક્સીનેશન પ્રોગ્રામ ચાલી રહ્યો છે. આ વચ્ચે ગુજરાતમાં કોરોનાની વેક્સીન બનવાની જાહેરાત થઈ છે. ત્યારે હવે વેક્સીન (કોવેક્સિન) બનાવવામાં ગુજરાતનો મોટો રોલ હશે. અંકલેશ્વર સ્થિત કંપનીની સબસિડરી ચિરોન બહેરિંગ વેક્સિન્સ માં કોવેક્સીન રસીના ઉત્પાદનને મંજૂરી આપી દેવાઈ છે. ત્યારે જ જલ્દી જ અંકલેશ્વરમાં કોવેક્સીનનુ પ્રોડક્શન શરૂ થઈ જશે. આ વાતની માહિતા આપતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સબકો વેક્સીન મુફ્ત વેક્સીન અંતર્ગત દેશની સૌથી મોટી વેક્સિનેશન ડ્રાઈવ ચાલી રહી છે.

ભારતમાં સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિન વેક્સિનને હાલમાં માન્યતાપ્રાપ્ત અપાઈ છે. ત્યારે હવે કોવેક્સીનનુ ઉત્પાદન ગુજરાતના અંકલેશ્વરમાં કોવેક્સિનનું ઉત્પાદન થવા જઈ રહ્યું છે. દેશભરમાં વેક્સીનેશન થવાનું છે, તેથી મોટાપાયે વેક્સીનની જરૂરિયાત છે. તેથી વેક્સીનનું ઉત્પાદન વધારવાની પણ જરૂરિયાત છે. આવામાં અંકલેશ્વર સ્થિત સબસિડરી ચિરોન બેહરિંગ વેક્સિન્સ ની વાર્ષિક ૨૦૦ મિલિયન ડોઝ



ઉત્પાદન ક્ષમતા છે. યુનિટ એના રેબિટ્સની વેક્સિનના ઉત્પાદનને અટકાવી કોરોના વેક્સિનનું ઉત્પાદન શરૂ કરશે. હાલ માત્ર હૈદરાબાદ અને બેંગલુરુમાં જ કોવેક્સિનનું ઉત્પાદન થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતનું નામ પણ તેમાં જોડાયું છે. આમ, કોરોના મહામારી નાથવામાં ગુજરાતનો પણ મોટો ફાળો રહેશે

# શોપિયામાં CRPF પર આતંકી હુમલો

**એક જવાન ઈજાગ્રસ્ત : સુરક્ષાદળોએ આ વિસ્તારને ઘેરી લીધો : સર્ચ ઓપરેશન ચાલુ**

શોપિયા,તા.૧૦

જમ્મુ-કાશ્મીરના શોપિયામાં સીઆરપીએફ ટીમ પર આજે સવારે આતંકીઓએ હુમલો કર્યો છે. હુમલામાં એક જવાન ઈજાગ્રસ્ત થયો છે, જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જાણવા મળી રહ્યું છે કે શોપિયાં જિલ્લાના એક વિસ્તારમાં આતંકીઓએ અચાનક સુરક્ષાકર્મીઓ પર ફાયરિંગ શરૂ કરી દીધું. સુરક્ષાદળોએ આ વિસ્તારને ઘેરી લીધો છે. સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

એક દિવસ પહેલા જ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આતંકીઓએ ભાજપના કુલગામ કિસાન મોર્ચાના પ્રમુખ અને સરપંચ અને તેની પત્નીની ગોળી મારી હત્યા કરી દીધી. સોમવારે સાંજે આશરે ચાર કલાકે અનંતનાગ પોલીસને જિલ્લાના લાલચોક વિસ્તારમાં એક આતંકવાદી ઘટનાની સૂચના મળી, જ્યાં આતંકવાદીઓએ ભાજપના સરપંચ અને તેની પત્ની પર ગોળીઓ ચલાવી હતી.

તો સ્વતંત્રતા દિવસ પહેલા બીએસએફે સોમવારે જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં એક આતંકવાદી ઠેકાણાથી ભારે માત્રામાં હથિયાર અને દારૂગોળો જપ્ત કરી મોટા આતંકી હુમલાને ટાળી દીધો. વિશેષ સૂચના પર મેંઢર પોલીસ સ્ટેશન ક્ષેત્રના સાંગડના જંગલોમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ઓફ પોલીસની સાથે બીએસએફ તથા સેનાએ એક સંયુક્ત ઓપરેશન શરૂ કર્યું હતું. સર્ચ દરમિયાન એક જગ્યાએથી બે એકે-૪૭ રાઈફલ, ચાર એકે-૪૭ મેગેઝિન, એક ચીની પિસ્તોલ, ૧૦ પિસ્તોલ મેગેઝિન, ચાર ચીની ગ્રેનેડ અને ચાર ડેટોનેટર સહિત મોટી માત્રામાં હથિયાર અને દારૂ-ગોળો મળી આવ્યો હતો.

એડીજીપી મુકેશ સિંહે સોમવારે કહ્યુ કે, જે સ્થળો પર સ્વતંત્રતા દિવસ સમારોહ આયોજીત થવાનો છે, તે બધાની સુરક્ષા માટે ભારે વ્યવસ્થા કરવામાં આવી છે.

# અફઘાનમાંથી ભારત ખાસ વિમાન દ્વારા રાજદ્વારીઓને પાછા લાવશે

ન્યુ દિલ્હી,તા.૧૦

અફઘાનિસ્તાનમાં દર વર્ષે સ્થિતિ બગડતી જઈ રહી છે. આ દરમિયાન ભારત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. અફઘાનિસ્તાનમાં મઝાર-એ-શરીફમાં રહેલા કૉન્સુલેટમાં કાર્યરત ભારતીય કર્મચારીઓને હવે પાછા લાવવામાં આવશે. અફઘાનિસ્તાનમાં તાલિબાનના વધતા વર્ચસ્વને જોતા ભારતે આ મહત્વનો નિર્ણય લીધો છે કે ભારતના તમામ કર્મચારીઓ, અધિકારીઓને મઝાર-એ-શરીફથી પાછા બોલાવવામાં આવશે.

અફઘાનિસ્તાનમાં દરરોજ સ્થિતિ બગડતી જઈ રહી છે અને તાલિબાનીઓનો કબજો વધતો જઈ રહ્યો છે. ગત ૨-૩ દિવસમાં જ તાલિબાને અફઘાનિસ્તાનના ૫ પ્રાંતની રાજધાનીઓ પર પોતાનો કબજો જમાવી લીધો છે. આ જ કારણ છે કે ભારત પોતાના અધિકારીઓને લઈને કોઈ રિસ્ક લેવા નથી ઈચ્છતું. મઝાર-એ-શરીફમાં રહેલા ભારતીય દૂતાવાસ તરફથી જાણકારી આપવામાં આવી છે કે મંગળવાર સાંજના મઝાર-એ-શરીફથી એક સ્પેશિયલ ફલાઈટ નવી દિલ્હી માટે રવાના થશે, જે ભારતીય આસપાસ છે તેઓ સાંજની ફલાઈટથી નવી દિલ્હી રવાના થઈ જાય.

જે પણ ભારતીયને નવી દિલ્હી રવાના થવાનું છે, તે તરત પોતાનું આખું નામ, પાસપોર્ટ નંબર અને અન્ય જાણકારી વ્હોટ્સએપ પર મોકલી દે. સાથે કૉન્ટેક્ટ નંબર પણ આપવામાં આવ્યા છે.

અફઘાનિસ્તાનના અનેક શહેરોમાં અત્યારે તાલિબાનનો કબજો છે. રાજધાની કાબૂલ સહિત કેટલાક અન્ય સ્થાનો પર જ હવે અફઘાની સરકાર એક્ટિવ છે. ભારત અફઘાનિસ્તાનમાં એક મહત્વનો ભાગ ભજવે છે, આવામાં તાલિબાન તરફથી ભારતીય લોકો પર નિશાન સાધી શકાય છે. અફઘાનિસ્તાનમાં ભારતના એક પત્રકાર દાનિશ સિદ્દીકીની પણ તાલિબાનીઓએ હત્યા કરી દીધી હતી.

# પેગાસસ મુદ્દે સુપ્રીમમાં સુનાવણી સોમવાર સુધી ટળી

નવી દિલ્હી, તા.૧૦

પેગાસસ જાસૂસી મામલે જોડાયેલી નવ અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં આજે થનારી સુનાવણી આગામી સોમવાર સુધી ટળી ગઈ છે. સૉલિસીટર જનરલે કહ્યુ કે ફરિયાદની કૉપી હજુ વંચાઈ રહી છે. કોપી વાંચ્યા બાદ જ પોતાની દલીલ મૂકવામાં આવશે. જે બાદ મુખ્ય ન્યાયાધીશે સોમવાર સુધી સુનાવણી ટાળી. સુપ્રીમ કોર્ટમાં ૧૧ વાગે પેગાસસ પર સુનાવણી શરૂ થઈ. મુખ્ય ન્યાયાધીશ એનવી રમણે પૂછ્યુ કે શુ કૉપી સરકારને આપવામાં આવી? જેની પર સૉલિસીટર જનરલે કહ્યુ કે યશવંત સિન્હાને છોડીને તમામની કૉપી મળી છે, હજુ અમે વાંચી રહ્યા છીએ. જે બાદ સરકાર પાસેથી નિર્દેશ લેશે, તેથી શુક્રવાર સુધીનો સમય આપવામાં આવે. મુખ્ય ન્યાયાધીશે કહ્યુ કે શુક્રવારે અમને કંઈક સમસ્યા છે. સોમવારે સુનાવણી કરી શકશે. આ દરમિયાન મુખ્ય ન્યાયાધીશ એનવી રમણે કહ્યુ કે જે પણ અરજીકર્તા અમારા સામે છે, અમારી સામે જ વાત કરો. અમારા પ્રશ્નોના જવાબ આપે. જો મીડિયા અથવા સોશ્યલ મીડિયા પર જ વાત મૂકવા ઈચ્છે તો અલગ વાત છે. અમે આશા રાખીએ છીએ કે તમે સમાંતર પ્રક્રિયા ન ચલાવો. કંઈક અનુશાસન હોવો જોઈએ.



અમૃતપુરી એમ. ગોસ્વામી

(૧૩.૧૨.૧૯૫૭ - ૧૧.૮.૨૦૧૫)

અમારે માટે તો તમે છો નિરંતર પ્રેરણા શ્રોત, અમારા પ્રત્યેક વિચાર અને કાર્યમાં પથદર્શક, અમારા સ્વપ્નો, અમારા પ્રયત્નો અને અમારી પ્રતિબદ્ધતામાં તમે સદા જીવંત રહો....

न जायते प्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यामाने शरीरे ॥
આત્માને ના જન્મ, ના મૃત્યુ; ના આદિ, ના અંત. અજન્મ અને અમર
એવો એ સનાતન સદાય, ના કોઈને હણે, ના કોઈથી હણાય.

- ભાગવદ ગીતા (અધ્યાય ૨ - શ્લોક ૨૦)

પ્રેરણા સ્મૃતિમાં

જયાબેન અમૃતપુરી ગોસ્વામી

મેહુલ એ. ગોસ્વામી | રવિપુરી એ. ગોસ્વામી
દિવ્યા એમ. ગોસ્વામી | નેહા આર. ગોસ્વામી
કુ. ધ્રીશા એમ. ગોસ્વામી

૧૬૭૬/૧, સેક્ટર-૨-ડી, ગાંધીનગર. મો. ૯૮૨૫૦ ૭૪૫૦૦

# પીએમ મોદીએ રાજ્યસભામાં ગેરહાજર ભાજપના સાંસદની યાદી માગી

ન્યુ દિલ્હી,તા.૧૦

સંસદનુ ચોમાસુ સત્ર ચાલી રહ્યુ છે અને સોમવારે રાજ્યસભામાં એક અવસર એવો આવ્યો જ્યારે વિપક્ષે બિલને પસંદગી સમિતિની પાસે મોકલવાની માગ કરી. વિપક્ષની આ માગ પર વોટિંગ કરવામાં આવ્યુ. આ વોટિંગ દરમિયાન કેટલાક ભાજપ સાંસદ હાજર નહોતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એવા સદસ્યોનુ લિસ્ટ માગ્યુ છે.

મંગળવારે સદનની કાર્યવાહી શરૂ થયા પહેલા ભાજપ સંસદીય દળની બેઠક થઈ. આ બેઠકમાં પીએમ મોદી પણ હાજર હતા. પીએમ મોદીએ બેઠકમાં આ ભાજપ સાંસદની યાદી માગી જે રાજ્યસભામાં ઉપસ્થિત નહોતા. જોકે, સોમવારે રાજ્યસભામાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે ટ્રિબ્યુનલ રિફોર્મ બિલ ૨૦૨૧ રજૂ કર્યુ હતુ. વિપક્ષ આ બિલનો વિરોધ કરી રહ્યુ હતુ. આ બિલને પસંદગી સમિતિની પાસે મોકલવાની માગ કરી રહ્યુ હતુ. વિપક્ષની માગ પર રાજ્યસભામાં વોટિંગ કરાયુ.

# સુપર વેક્સિન ફોર્મ્યુલા શોધ્યાનો વૈજ્ઞાનિકોનો દાવો

**કોરોનાને માત આપી ચૂકેલા લોકોમાં એવી એન્ટીબોડી શોધી છે જે દરેક રીતે વેરિઅન્ટ સામે લડવામાં સક્ષમ છે**

નવી દિલ્હી, તા.૧૦

કોરોના વાઈરસના વધતા જોખમ વચ્ચે એક મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. જોકે કોરોના સતત નવા વેરિઅન્ટ દ્વારા પોતાનો રંગ બદલી રહ્યો છે. જે પૂરી દુનિયા માટે ચિંતાનુ કારણ બની ગયુ છે. આ દરમિયાન વૈજ્ઞાનિકોએ સુપર વેક્સિન ફૉર્મૂલા શોધવાનો દાવો કર્યો છે. વૈજ્ઞાનિકોનો દાવો છે કે આ સુપર વેક્સિન ફૉર્મૂલા કોરોનાના દરેક પ્રકારના વેરિઅન્ટથી બચવામાં કારગર હશે.

યુનિવર્સિટી ઑફ વૉશિંગ્ટનના શોધકર્તાઓ અનુસાર, કોરોનાને માત આપી ચૂકેલા લોકોમાં એવી એન્ટીબૉડી શોધી છે જે દરેક રીતે વેરિઅન્ટ સામે લડવામાં સક્ષમ છે. વૈજ્ઞાનિકોનુ આ અધ્યયન સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયુ છે. છેલ્લા કેટલાક સમયમાં કોરોનાના નવા-નવા વેરિઅન્ટે સમગ્ર દુનિયાને ચિંતામાં નાખી દીધા છે. ડેલ્ટા વેરિઅન્ટે તો ભારતમાં ખૂબ કહેર મચાવ્યો છે. દેશમાં બીજી લહેરમાં આ વેરિઅન્ટે તબાહી મચાવી હતી. ડેલ્ટા પ્લસ વેરિઅન્ટને લઈને પણ જોખમ છે. પરંતુ કોરોનાના આ તમામ વેરિઅન્ટથી વધી રહેલા જોખમ વચ્ચે વૈજ્ઞાનિકોએ સુપર વેક્સિન ફૉર્મૂલા મળવાનો દાવો કર્યો છે. સાયન્સ જર્નલમા પ્રકાશિત થયેલા આ અધ્યયનમાં પાંચ માનવ મોનોક્લોનલ એન્ટીબોડી પર શોધનુ વર્ણન કરવામાં આવ્યુ છે. આ બીટા વેરિઅન્ટ પર પ્રભાવી છે. શોધકર્તાઓએ આ દરમિયાન કોરોનાથી સાજા થયેલા લોકોમાં વિશિષ્ટ મેમોરી બી કોશિકાઓની તપાસ કરી. મેમરી બી શ્વેત રક્ત કોશિકાઓ હોય છે. આ તમામ વાઈરસને ઓળખે છે અને તેમના વિરૂદ્ધ પ્રતિક્રિયા આપે છે જે આપના શરીરમાં પહેલા હુમલા કરી ચૂક્યુ છે. વૈજ્ઞાનિકોએ કોરોનાને હરાવી ચૂકેલા લોકોમાં મળેલી પાંચ એન્ટિબોડીમાંથી S2P6 પર ધ્યાન આપ્યુ.